Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# મનુષ્યત્વ ઉજાગર કરતો ગ્રંથ : શ્રીમદ્દ ભગવદ્દગીતા

**સુમિતાબેન કનુભાઈ રાઠવા**

(PH.D Student) - તત્વજ્ઞાન ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦,
(મો) - ૯૯૦૯૪૨૭૨૬૪

## પ્રસ્તાવના :

શ્રીમદ્દ ભગવદ્દગીતા' મહાકાવ્ય મહાભારતનો એક અમૂલ્ય ભાગ છે. મહાભારતની રચના વેદવ્યાસ દ્વારા કરવામાં આવી છે. શ્રીમદ્દ ભગવદ્દગીતાનું ગાન સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કરવામાં આવેલ છે. તેમજ તેના લેખનનો શ્રેય વેદવ્યાસજીના ફાળે જાય છે. મહાભારતના યુદ્ધની શરૂઆત શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદથી થાય છે. શ્રીકૃષ્ણ, અર્જુનના વિષાદને દૂર કરવા માટે શ્રીમદ્દ ભગવદ્દગીતાના જ્ઞાનરૂપી ગંગાનું રસપાન કરાવે છે.

ચાવીરૂપ શબ્દો: શ્રીમદ્દ ભગવદ્દગીતા, વેદવ્યાસજી, શ્રીકૃષ્ણ, અર્જુન, મહાભારત

## શ્રીમદ્દ ભગવદ્દગીતાની મહાનતા:

શ્રીમદ્દ ભગવદ્દગીતાની મહાનતાનું શબ્દોમાં વર્ણન કરવું શક્ય નથી, કારણકે તેનો સમગ્ર અર્થ તારવવો માનવજાતિ અશક્ય છે છતાં પણ જે સમજાય છે તે માનવજાતિ માટે વરદાનરૂપ છે. માત્ર ભારત દેશ પૂરતી જ શ્રીમદ્દ ભગવદ્દગીતાની મહાનતા સ્થાપિત નથી, તે વિશ્વવ્યાપક છે અને તેથી તેને કોઈ મર્યાદામાં કે સીમાડામાં બાંધી શકાય તેમ નથી. અહીં શ્રીમદ્દ ભગવદ્દગીતાની મહાનતાને વધારે વિસ્તારથી સમજવાના પ્રયાસ રૂપે વર્ણન પ્રસ્તૃત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

## સર્વધર્મ સમભાવ :

***यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।***
***अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥***

"હે ભારતવંશી, જ્યાં અને જ્યારે ધર્મનું પતન થાય છે અને અધર્મનું ભારે વર્ચસ્વ જામે છે, તે વખતે હું સ્વયં અવતરું છું."

- શ્રીમદ્દ ભગવદ્દગીતા માત્ર હિન્દુ સંપ્રદાય માટે જ નથી તે દુનિયાના સમગ્ર ધર્મ માટે છે. કારણ કે શ્રીમદ્દ ભગવદ્દગીતામાં ક્યારેય કોઈ ધર્મ પ્રત્યે ટીકા કે ટિપ્પણી કરી નથી. તે બધા ધર્મને સર્વધર્મ સમભાવની દ્રષ્ટિએ જોવે છે.
- સ્ત્રી - પુરુષના લિંગમાં પણ ભેદભાવ આ ગ્રંથમાં કરવામાં આવ્યો નથી અને તે ગ્રંથ તમામને સમાન દ્રષ્ટિથી જોવે છે. શ્રીમદ્દ ભગવદ્દગીતા કોઈ જાતિ પ્રત્યે ઉચ્ચ કે નિમ્ન ભાવના રાખતા નથી, તમામને સમાન અને સન્માનની દ્રષ્ટિથી જોવે છે.

## કર્મયોગનું વધુ મહત્વ :

***कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।***
***मा कर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्त्वकर्मणि ॥***

"તારો કર્મમાં જ અધિકાર છે.
ફળમાં કદાપિ નહીં.
તું કર્મફળના હેતુવાળો ન બન,
કર્મ ન કરવામાં તારી આસક્તિ ન થાઓ."

- શ્રીમદ્દ ભગવદ્દગીતામાં જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ, સાધનાયોગ વગેરે યોગનો સમાવેશ થાય છે. તેમાં વધુ મહત્વ કર્મયોગને આપવામાં આવ્યું છે.

- નિષ્કામ કર્મયોગ દ્વારા જ પ્રભુને પામી શકાય છે. તેથી ગીતા વારંવાર નિષ્કામ કર્મ કરવાનો આદેશ આપે છે. કર્મનો ત્યાગ માનવી કરી શકતો નથી, છેવટે જીવન-નિર્વાહ માટે કર્મ તો કરવું જ પડે. કર્મ કરવા માટે માનવી સ્વતંત્ર છે. પણ તેના ફળ માટે નહીં. ઈશ્વરની ઈચ્છા મુજબ ફળ મળે છે. તેથી સ્વાર્થ વિના કર્મ કરતાં રહેવા પર વધુ ભાર શ્રીમદ્ ભગવદ્ગીતામાં મૂકવામાં આવ્યો છે.
- પ્રાચીન સમયમાં વર્ણવ્યવસ્થા પ્રમાણે કર્મનું વિભાજન થયેલું હતું. દા.ત. બ્રાહ્મણનું કર્મ – જ્ઞાન આપવાનું, ક્ષત્રિયનું કર્મ – રક્ષણ કરવાનું, વૈશ્યનું કર્મ – વેપાર કરવાનું, ક્ષુદ્રનું કર્મ – સેવા કરવાનું હતું. આ મુજબની વર્ણવ્યવસ્થા પ્રાચીન સમયમાં ચાલતી હતી. વર્તમાન સમયમાં આ વ્યવસ્થા રહી નથી. વ્યક્તિ પોતાની ઈચ્છા અનુસાર કોઈપણ કર્મ સ્વીકારી શકે છે. વ્યક્તિ ઈચ્છા મુજબ કર્મની પસંદગી કરી શકે છે. દા.ત. બ્રાહ્મણનો દીકરો સૈનિક બનીને દેશની સેવા કરી શકે છે. સ્વતંત્ર રીતે પોતાના કર્મની પસંદગી કરી શકે છે.

## મનુષ્ય માટે શ્રેષ્ઠ જીવનગ્રંથ :

***संसारसागरम द्वेरम तर्तृमिच्छाति द्वे जूनः ।***
***गीतनाव समारूढ़ पार अति सुखेन सः ।।***

- "જે માનવી આ ઘોર સંસારસાગર તરી જવાની ઈચ્છા રાખે છે, તે ગીતારૂપી નાવડી પર આરુઢ થઈને સુખેથી પાર ઉતરી જાય છે."
- શ્રીમદ્ ભગવદ્ગીતાનો સામાન્ય અર્થ 'ગાવું' થાય છે. શ્રીકૃષ્ણ સ્વયં તેમનાં મુખ દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતાનું ગાન કર્યું છે. તેમણે સામાન્ય માનવીને સમજાય તેવી સરળ ભાષામાં વર્ણન કર્યું છે.
- શ્રીમદ્ ભગવદ્ગીતા પવિત્ર ગ્રંથ છે. તેથી તેમને પ્રથમ ક્રમમાં મૂકવામાં આવે છે તે આપણાં સર્વ માટે ગૌરવની વાત છે. આ જ બાબત શ્રીમદ્ ભગવદ્ગીતાની મહાનતા દર્શાવે છે.
- ભારત દેશમાં માત્ર શ્રીમદ્ ભગવદ્ગીતા જ એવો ગ્રંથ છે જેના જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. આપણાં સર્વ માટે આ એક ગૌરવની વાત છે. આ પણ શ્રીમદ્ ભગવદ્ગીતાની એક મહાનતા ગણાવી શકાય.
- ભારતીય શાસ્ત્રના મહાન કહી શકાય એવા બે મહાકાવ્યો મહાભારત અને રામાયણ કે જેમાં અખૂટ જ્ઞાનનો ખજાનો ભરેલો છે. તેનું પ્રાચીન સમયમાં જેટલું જ મહત્વ હતું, એટલું જ વર્તમાન સમયમાં પણ છે. તેમાં શ્રીમદ્ ભગવદ્ગીતા માનવીને જીવન જીવવાની પ્રેરણા પૂરી પાડે છે. આવી પડેલ પડકાર સામે કઈ રીતે સામનો કરવો અને કઈ રીતે તેનો ઉપાય શોધવો તે જણાવે છે. વિકટ પરિસ્થિતિમાં અડીખમ કઈ રીતે ઊભું રહેવું તે જણાવે છે. તેથી જ મહાન વિદ્વાનોએ ગીતાનો મહિમા ગાયો છે. આથી જ શ્રીમદ્ ભગવદ્ગીતાને એક ધાર્મિક ગ્રંથ તરીકે સ્વીકારવામાં આવે છે અને વિશ્વની સમક્ષ ગૌરવપૂર્વક મૂકવામાં આવે છે. આમ, આ ગ્રંથની આ એક મોટી મહાનતા ગણાવી શકાય.

## શ્રીમદ્ ભગવદ્ગીતા વર્તમાન સમયમાં વધુ ઉપયોગી:

***मलर्निमोचनम पुंसा जलस्नानम दिने दिने ।***
***सकृत्गीताम्भार्स स्नानम संसार मलनाशनम ।।***

- "દરરોજ પાણીથી સ્નાન શારીરિક મેલને દૂર કરે છે. પરંતુ ગીતાજ્ઞાન રૂપે જળમાં એકવાર કરવામાં આવેલું સ્નાન સંસારરૂપી મળનો નાશ કરનારું છે."
- શ્રીમદ ભગવદ્ગીતાની મુખ્ય વિશેષતા એ છે કે માનવી જેટલી વાર વાંચન કરે છે તેટલી વાર તેમનામાંથી તેને નવીન જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેથી શ્રીમદ ભગવદ્ગીતાનું મહત્વ પ્રાચીન સમયમાં હતું તેટલું જ વર્તમાન સમયમાં પણ છે. જેથી સામાન્ય જણ તેનો લાભ લઈ શકે પણ તેનો અર્થગ્રહણ કરવો એટલો સરળ નથી. તેના માટે શ્રદ્ધા અને ભક્તિ હોવી ખૂબ જરૂરી છે. શ્રીમદ ભગવદ્ગીતાને ગ્રંથોમાં ઉત્તમ ગ્રંથ માનવમાં આવે છે.
- શ્રીમદ ભગવદ્ગીતાના તોલે આવી શકે તેવું સંસારમાં બીજું કઈ નથી. જે વ્યક્તિઓએ પોતાના જીવનમાં ગીતા ઉતારી છે તે વ્યક્તિ ચિંતન દર્શન વગેરે દ્વારા અન્યને પવિત્ર બનાવી શકે છે. તે વ્યક્તિની આજ્ઞાનું પાલન કરનાર લોકોનું જીવન ધન્ય થઈ જાય છે.
- શ્રીમદ ભગવદ્ગીતાના શરણે ગયેલ વ્યક્તિ સંસારમાં સુખથી જીવન પસાર કરે છે. ગીતાજ્ઞાનના જલાશયમાં ડૂબકી લગાવવાથી સંસારમાં તમામ પાપોનો નાશ થઈ જાય છે.

## મનુષ્યને ધર્મનો માર્ગ બતાવે :

***"यस्माद गीता न जननाती नाथमस्तत्परों जन:।"***

"જે ગીતાશાસ્ત્રને જાણતો નથી તેનાથી વધુ અધર્મ બીજો કોઈ નથી."

- શ્રીમદ ભગવદ્ગીતામાનવીને માર્ગદર્શન પૂરું પાડે છે. જ્યારે માનવી મુશ્કેલીમાં હોય ત્યારે તે માનવીને ધર્મના માર્ગ પર ચાલવાનું કહે છે. વેદ, ઉપનિષદ વગેરે પણ ધર્મના માર્ગ પર ચાલવાનું જ સૂચન કરે છે.
- શ્રીમદ ભગવદ્ગીતા સાચા અર્થમાં જીવંગ્રંથ છે કારણ કે જીવનમાં આવેલા તમામ સમસ્યાનો કેવી રીતે સામનો કરવો અને તેનો ઉકેલ કેવી રીતે શોધવો તે શીખવે છે. તેથી ગૌરવપૂર્વક ગીતાને ધાર્મિક ગ્રંથ પણ કહેવામા આવે છે. તેમાં ધર્મનાં માર્ગ પર ચાલવાનું માનવીને સૂચન કરે છે.

## શ્રીકૃષ્ણ ભગવાનની નમ્રતા:

- શ્રીમદ ભગવદ્ગીતાની મહાનતા એ છે કે, તે સ્વયં ભગવાન શ્રીકૃષ્ણના મુખેથી ગાવામાં આવી છે છતાં શ્રીકૃષ્ણ કહે છે કે, ઋષિમુનિઓએ જે ગાયું, કહ્યું તે જ હું કહું છું. એટલી તેમની ઉદારતા છે. ગીતાને ઉત્તમ પ્રકારનું તત્વચિંતનવાળું કાવ્ય પણ કહેવામાં આવે છે.
- શ્રીકૃષ્ણ સ્વયં ઈશ્વર હોવા છતાં નિત્ય કર્મની ગતિને અનુસરતા હતા. તેઓ માનતા હતા કે લોકો મને તથા મારા જીવનવ્યવહારને આચરણમાં મૂકશે તેથી હૂં જો કર્મ, ધર્મ નહીં કરું તો લોકો પણ નહીં કરે અને પ્રજા આળસુ બની જશે જેથી સમગ્ર માનવજાતિ નાશ પામશે. તેથી તેઓ હંમેશા નિત્ય કર્મ અને ધર્મનાં કાર્ય કરતાં હતા.
- તેમનું શ્રીમદ ભગવદ્ગીતા કહેવા પાછળ મૂળ ઉદ્દેશ માનવજાતિને ધર્મનો માર્ગ બતાવવાનો છે. ધર્મનાં માર્ગ પર ચાલનાર વ્યક્તિ જ સ્વયં ઈશ્વરને પામે છે.

**"મારું વચન એ જ કર્મ**

**કર્મ એ જ ધર્મ**

**ધર્મ એ જ મારું જીવન.”**

-રાઠવા સુમિતા.કે.

## ઉપસંહાર:

શ્રીમદ્ ભગવદ્ગીતાની મહાનતા અનેક છે, તેમનો માનવી ઉપકાર માને તેટલો ઓછો છે. આમ, આ મહાન ગ્રંથની મહાનતા તથા જ્ઞાનનો ભંડાર અદભૂત છે જેની વિગત આ લેખમાં દર્શાવવામાં આવી છે. શ્રીમદ્ ભગવદ્ગીતા ભારતીય શાસ્ત્રોનો મહાન ગ્રંથ છે. તેથી વિશ્વ સમક્ષ આપણે ગર્વથી મૂકી શકીએ છીએ. તેથી શ્રીમદ્ ભગવદ્ગીતા વિશ્વવ્યાપક ગ્રંથ છે.

## સંદર્ભસૂચી:

1. શ્રીશ્રીમદ્ એ.સી.ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ. શ્રીમદ્ ભગવદ્ગીતા તેના મૂળ રૂપે, પૃ. 161.
2. પ્રિ. હેમરાજભાઈ આર.પટેલ, શ્રીમદ્ ભગવદ્ગીતા કર્મયોગ, પૃ. 122.
3. પ્રિ. હેમરાજભાઈ આર.પટેલ, શ્રીમદ્ ભગવદ્ગીતા કર્મયોગ, પૃ. 13.
4. પ્રિ. હેમરાજભાઈ આર.પટેલ, શ્રીમદ્ ભગવદ્ગીતા કર્મયોગ, પૃ. 13.
5. પ્રિ. હેમરાજભાઈ આર.પટેલ, શ્રીમદ્ ભગવદ્ગીતા કર્મયોગ, પૃ. 13.